10-33806

પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧ .
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./મહિલા મજુર/જાહેરનામું/ ૩૬૨૪ /૨૦૨૦, વડોદરા તારીખ :-૧૧ /૦૮/૨૦૨૦

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે, વાપી જીલ્લો વલસાડ ખાતે બાંધકામો હેઠળની ઇમારતોમાં સુતેલા ૦૨-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મેળેલ છે કે, બળાત્કારના ભોગ બનનાર ૦૨-મહિલાઓ અને અન્ય મજુરોને સબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) દ્વારા બાંધકામના સ્થળે પીવાનું પાણી, વિજળી (લાઇટ), સૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના સગીર બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભાવના રહે છે. જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ ઇંટોના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને સગીર બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઇ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

### -: હુકમ :-

જેથી હું આર.બી.બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

વડોદરા શહેરના પોલીસ કમિશ્નર, વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઇંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો, (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા તમામ મજુરોને, ખાસ કરીને મહિલા મજુરોને સબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) ધ્વારા બાંધકામના સ્થળે પીવાનું પાણી, વિજળી (લાઇટ), સૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષાને પાત્ર ગુનો બનશે. આ જાહેરનામાં પ્રસિધ્ધિની તારીખથી દિન-૦૭માં ઉપરોકત સવલતો ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનું રહેશે.

### -: અમલવારીનો સમય :-

આ હુકમ તારીખ ૧૪/૦૮/૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૧૨/૧૦/૨૦૨૦ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં આવશે.

### -: હદ વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### -: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સંયુકત પોલીસ કમિશ્નરથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ.૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# -: વિજ્ઞપ્તિ :-

તમામને વ્યકતિગત રીતે નોટીસની બજવણી કરવી શકાય ન હોય, આથી એકતરફી હુકમ કરૂ છું જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ-૧૧માહે - ઓગષ્ટ - ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્રસચિવશ્રી શ્રમ અને રોજગાર વિભાગ, ૫, ૬ સરદાર પટેલ ભવન, ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૫) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

રા- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

C \Users\Shastra\Desktop\JAHERNAMA\Makan Bhaduat ladies Mazur-Shruti.doc